ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૪૦.૦ ડીગ્રી
લઘુતમ : ૨૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૭ ટકા ● સાંજે ૨૭ ટકા

# બજારમાં વિવિધ કેરીઓનું આગમન

## તલાલા ગીર ઉપરાંત અન્ય રાજ્યોની કેરીઓનું આગમન : પેટીનો ભાવ ૧૪૦૦ રૂપિયા : ઘટાડો નોંધાવવાની પુરી શક્યતા








ગાંધીનગર, તા.૧૧

કમોસમી વરસાદ અને વાતાવરણની અસરને કારણે કેસર કેરીની આવક સામાન્ય સમય કરતાં મોડી શરૂ થઈ છે. પરંતુ હવે ધીમેધીમે કેરીની આવકમાં વધારો થવા લાગ્યો છે. પાટનગરમાં વિવિધ રાજયોની કેરીઓનું આગમન થઈ રહયું છે. જેમાં સેકટર-૧૧ ખાતે જિલ્લા પંચાયતની ઓફીસની સામે ગ્રાઉન્ડમાં કેરીની પેટીઓના ઢગલાં ખડકાયા છે. એક બોકસનો ભાવ તાજેતરમાં ૧૪૦૦ રૂપિયાનો નોંધાયેલ છે. કેસર કેરી ઉપરાત બદામ, સુંદરી કેરીનું બજારમાં આગમન થઈ ચુકયુ છે બદામ કેરીનો ભાવ ૮૦થી ૧૦૦ રૂપિયા કિલો છે જયારે સુંદરી કેરીનો ભાવ ૮૦ રૂપિયા કિલો છે. શહેરીજનો પણ જેની આતુરતાથી રાહ જોતા હતા તેવી પ્રિય કેસર કેરીનું આગામ થવાથી ખરીદી થવા લાગી છે. શહેરમાં કેરીનો વ્યવસાય કરતાં વેપારીએ જણાવ્યું હતું કે આ વખતે કમોસમી વરસાદના કારણે કેરીનો જો હાલમાં ભાવ ચાલી રહયો છે તેના કરતાં ભાવમાં ઘટાડો નોંધાશે. તેથી કેરીની ખરીદીમાં ધરખમ વધારો થઈ શકે છે. જેમજેમ બજારમાં કેરીની આવક વધશે તેમ તેમ ભાવમાં ઘટાડો નોંધાશે.

કેરીની જુદીજુદી પ્રજાતિ બજારમાં જોવા મળે છે. દરેક પ્રદેશમાં જુદીજુદી પ્રજાતિની કેરી થાય છે. સૌરાષ્ટ્રની કેસરથી લઈને મહારાષ્ટ્રની હાફુસ સુધી અને ઉત્તર પ્રદેશની લંગડોથી લઈ તોતાપુરી સુધી દરેક પ્રકારની કેરીઓનો સ્વાદ આ ગરમીની મોસમમાં માણવા મળે છે. તોતાપુરી, હાફુસ, કેસર, લંગડો, રત્નાગીરી, સિન્ધુરા, બંગનપલ્લી, ચોસા, રત્નાગીરી, પાયરી, હિમસાગર, નીલમ, માલગોવા, માલદા વગેરે પ્રકારની કેરીઓ અલગ અલગ રાજયોમાં થાય છે. જેમાં આપણે ત્યાં ગીરની કેસર કેરી તોતાપુરી હાઉસ કેરી, લંગડો કેરી, રાજાપુરી, ગુલાબ કેરીનું વેચાણ વધારે થાય છે.

### કાર્બન અથવા કેમીકલ વગર પકાવવામાં આવતી કેરીઓનું વેચાણ

કહેવાય છે કે રોહીણી નક્ષત્ર ન બેસે ત્યાં સુધી કેરીઓ પાકે નહીં. તેથી બજારમાં કેરીઓને પકવવા માટે વિવિધ પ્રકારના નુસખાઓ અપનાવવામાં આવે છે. જેમાં કેમીકલ નાંખીને અને કાર્બનની પડીકી મુકીને કેરીઓને પકવવામાં આવે છે. ત્યારે આજે આપણે વાત કરશું કેમીકલ વગર મળતી પાકી કેરીઓની. શહેરમાં સે-૧૭ ખાતે સરકારી દવાખાના પાસે સંજય વેલ્ડીંગ વર્કસ તરફથી કેરીઓની પેટીઓનું વેચાણ કરવામાં આવી રહયું છે. જેમાં રાયફલીંગ પધ્ધતિ દ્વારા ઓરેન્જ કરીને ઈટોમાં મુકયા બાદ ફલીંગમાં રાખીને કેરીઓને પકવવામાં આવે છે. જેનો સ્વાદ અન્ય કેરીઓ કરતાં સ્વાદિષ્ટ લાગે છે. તલાલા ગીરથી આ કેરીઓની પેટી ગાંધીનગરમાં આવી રહી છે. જેમાં એક પેટીનો ભાવ ૧૫૦૦ રૂપિયા તથા સવા નવ કિલો કેરીના મોટા બોકસનો ભાવ ૧૬૫૦ રૂપિયા છે તેમ વેપારી દ્વારા જણાવાયું હતું.

## જન્મદિને વધામણી



જીગર એન પટેલ
(વેસ્ટર્ન એગ્રી સીડ્સ ગ્રૂપ)



ફોરમ
અશોકકુમાર ઠાકોર



રુહાની
કિરણકુમાર ગોહિલ



નિખિલ બાલકૃષ્ણ જોષી
મો. ૬૩૫૪૧ ૩૦૨૫૫



નરસિંહભાઈ સવાભાઈ
પરમાર
મો. ૯૩૨૮૦ ૬૧૧૯૫



પરમાર ફરાના અદીલ




શાસ્ત્રોમાં જણાવ્યા મુજબ ચૈત્ર મહિનો એટલે કીડીયારું પુરવાનો શ્રેષ્ઠ મહિનો. આ પવિત્ર કામ ગાંધીનગર ભારત વિકાસ પરિષદની મહિલા પાંખ દ્વારા કરવામાં આવ્યું હતું. "વેસ્ટ માંથી બેસ્ટ" લીલા નારીયલ જે પાણી પીને ફેંકી દેવામાં આવે છે તેવા ૫૧ નારીયેળ ભેગા કરી કીડિયારુ તૈયાર કરીને યોગ્ય જગ્યાએ મૂક્યાં હતાં. જેથી કરીને કીડીઓને તે ઉપયોગમાં આવી શકે. આ પવિત્ર કામ માં મોટી સંખ્યામાં મહિલાઓ હાજર રહી તથા ઉત્સાહભેર કાર્ય પૂર્ણ કર્યું હતું.

# રાંધેજાના તળાવને વિકસાવવાનુ આયોજન

ગાંધીનગર, તા.૧૧

રાંધેજા ગામના તળાવને શહેરના અન્ય તળાવોની જેમ વિકસાવવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. ગામના અગ્રણીઓના જણાવ્યાં અનુસાર તળાવને રી-ડેવલપ કરીને વિકસાવવાના કાર્ય અંતર્ગત હાલ તળાવને ખાલી કરવામાં આવ્યું છે અને તે સંપૂર્ણપણે સુકાઈ જાય એટલે તેનું વિકાસ કાર્ય આરંભાશે. જોકે વર્ષોથી રાંધેજાના ભૂગર્ભ જળ સ્ત્રોતને ભરેલો રાખવામાં કુદરતી રીતે મહત્વની ભૂમિકા ભજવતા આ તળાવને વાવોલ કે સે.૧ના તળાવોની જેમ વિકસાવ્યાં પછી જળ વિહોણા છોડી ના દેવાય તેમજ ભૂગર્ભ જળ સિંચન અટકી



ના જાય તેની તકેદારી રાખવામાં આવે તેવી ગ્રામજનો લાગણી વ્યક્ત કરી રહ્યાં છે..

# કડી સર્વ વિશ્વવિદ્યાલયનું ગૌરવ



ગાંધીનગર, તા. ૧૧

કડી સર્વ વિશ્વવિદ્યાલયની ક્રિકેટ ટીમે વર્ષ ૨૦૨૨-૨૩માં યોજાયેલ વિવિધ ટૂર્નામેન્ટમાં વિજયી પ્રદર્શન કર્યુ છે. જેમાં આઈઆઈટી દ્વારા યોજાયેલ આંતર યુનિવર્સિટી ટૂર્નામેન્ટમાં ચેમ્પિયન બન્યા હતા. ગાંધીનગર યુનિવર્સિટી દ્વારા યોજાયેલ ટૂર્નામેન્ટમાં વિજેતા રહ્યા હતા, અમદાવાદ યુનિવર્સિટી દ્વારા આયોજેલ ટૂર્નામેન્ટમાં વિજેતા રહ્યા હતા અને આઈઆઈએમ દ્વારા આયોજેલ આંતર યુનિવર્સિટી ટૂર્નામેન્ટમાં ઉપવિજેતા રહ્યા હતા. ક્રિકેટ ટીમના શાનદાર પ્રદર્શન માટે સંસ્થાના ચેરમેન વલ્લભાઈ એમ. પટેલ દ્વારા દરેક ખેલાડી તેમજ કોચોને કેશ એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા, તેમણે ટીમ કોચ હર્ષ પટેલને આ ભવ્ય સફળતા બદલ શુભેચ્છા પાઠવી હતી. કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડિપાર્ટમેન્ટ ઓફ ફિસીકલ એક્યુકેસન એન્ડ એડવેન્ચર સેલ તરફથી ક્રિકેટ કોચ તેમજ ટીમને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

# ગાંધીનગર ઝુલેલાલ મંદિર ખાતે સિંધી ભાષા દિવસની ઉજવણી




ગાંધીનગર, તા. ૧૧

ઝુલેલાલ મંદિર સેક્ટર-૩૦માં ગાંધીનગર સિંધી સમાજની મહિલાઓ દ્વારા વિશ્વ સિંધી દિવસની ખુબ જ ધૂમધામથી ઉજવણી કરવામાં આવી હતી. સિંધીભાષા, સંસ્કૃતિ, સભ્યતા, રહન-સહન પર આધારિત આ કાર્યક્રમમાં ઝુલેલાલ ભગવાનની આરાધના, નૃત્ય, ગીતો સાથે સાથે રમત-ગમત સ્પર્ધાઓમાં બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સિંધી વ્યંજનો સાથે સપ્રેમ પ્રિતી-ભોજન કરવામાં આવ્યુ હતુ. કાર્યક્રમના આયોજક મિનાક્ષી જયસિંઘાણીએ સર્વે બહેનોના ઉત્સાહપૂર્વકના સાથ-સહકાર બદલ સર્વે પ્રતિ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

### શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા તેલ-ખજુરનું વિતરણ

ગાંધીનગર, તા. ૧૧

શોભાયડા, સુનોક, ગડાદર તથા ખારી તા. ભીલોડામાં કુલ ૯૮ લાભાર્થીઓને વિવિધ વસ્તુ આપવામાં આવી હતી. ૫૦૦ ગ્રામ કપાસીયા તેલની બોટલ, ૫૦૦ ગ્રામ ખજુર, ગોળ તથા ચા અને બિસ્કીટના પેકેટ લાભાર્થીઓને આપ્યા હતા. શોભાયડા શાળામાં બાળકોને નાસ્તો કરાવ્યો હતો. સુનોકમાં આંગણવાડીના બાળકોને બિસ્કીટના પેકેટ આપ્યા હતા. નાસ્તો જયઅંબે સે. ૨૨ અને બિસ્કીટના ૨ બોક્ષ બજરંગી કીરાણા તરફથી આપવામાં આવ્યા હતા. આ કાર્યમાં સંસ્થાના મિલિન્દ ગુપ્તે તથા ભરત રબારી સાથે રહ્યા હતા.

# પાલજ -સરકારી પ્રાથમિક શાળામાં સ્ટુડન્ટ ઓફ ધ યર કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૧૧

સરકારી પ્રાથમિક શાળા પાલજ અને લાઈફ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના સહયોગથી પાલજ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને તેઓની સરેરાશ નિયમિત હાજરી, ઉચ્ચ ગુણ પ્રાપ્તિ, નિયમિતતા, સ્વચ્છતા વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગીદારી, રમતગમત, ખેલ મહાકુંભ, કલા ઉત્સવ, ગણિત વિજ્ઞાન પ્રદર્શન ભાગીદારી વગેરે બાબતોને ધ્યાનમાં રાખીને સ્ટુડન્ટ ઓફ ધ યરનો એવોર્ડ આપવામાં આવ્યો હતા. શાળાના સુચારુ સંચાલન અને વ્યવસ્થાપનને ધ્યાનમાં રાખીને એસએમસી અને શાળાને પણ શુભેચ્છા ટ્રોફીથી નવાજવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના આચાર્ય, એસએમસી સભ્યો, ગ્રામજનો, વાલીઓ, વિદ્યાર્થીઓ શિક્ષકગણ ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા ગ્રીષ્મના મહોર્યા ગુલમોહર કવિ સંમેલન યોજાયું

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર સાહિત્યસભાના ઉપક્રમે ગ્રીષ્મના મહોર્યા ગુલમોહર શીર્ષક અંતર્ગત કવિ સંમેલનનો કાર્યક્રમ તાજેતરમાં વેદવ્યાસ વિદ્યાપીઠ કુડાસણ ખાતે યોજાયો હતો. ગાંધીનગરના કાવ્યરસિકોને ગુજરાતીના કવિ હરીશ મીનાશ્રુને સાંભળવાનું સદભાગ્ય પ્રાપ્ત થયું હતું. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ અને મુખ્ય કવિ તરીકે હરીશ મીનાશ્રુ છેલ્લા ચાર દાયકાથી ગુજરાતી કવિતા ક્ષેત્રે પ્રવૃત છે. ગીત ગઝલ અને અછાંદસ જેવા કાવ્યસ્વરૂપોમાં તેમણે ઉત્તમ કાર્ય કર્યું છે. સાથે ભારતીય અને વિશ્વ કવિતાના અનુવાદો પણ તેમણે આપ્યા છે. ગુજરાતી ભાષાના આવા શિરમોર કવિને સાંભળવા ગાંધીનગરના સાહિત્યપ્રિય લોકો ઉત્સાહભેર જોડાયા હતા. કવિએ મન ભરીને કરેલા મુખાઠ ઉપરાંત કવિતાની રચના પ્રક્રિયા અને કવિતાના સમકાલીન પ્રવાહો અંગે કરેલી મુકત ચર્ચા પણ કાવ્ય જિજ્ઞાસુઓ માટે સંતોષકારક રહી હતી. આ ઉપરાંત ગાંધીનગર સાહિત્યસભા દ્વારા યોજાતા કાર્યક્રમોમાં પોતાની કવિતાનો અવારનવાર લાભ આપતા કવિગણ પ્રતાપસિંહ ડાભી, કિશોર જીકાદરા, કિર્તિદા બ્રહ્મભટ્ટની કવિતા પણ ઉત્તમ પ્રસ્તુતિ રહી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગાંધીનગર સાહિત્ય સભાના મહામંત્રી ડો.સંજય પટેલે કર્યું હતું. સાહિત્ય સભાની નવી કારોબારીની રચના બાદ પ્રથમ કાર્યક્રમ બહુ સફળતાપૂર્વક યોજવા બદલ સાહિત્યસભાના પ્રમુખ રમેશ ઠક્કરે આનંદ વ્યક્ત કર્યો હતો.

### જુસિકા દ્વારા ચક્ષુદાન મેળવાયુ

ગાંધીનગર, તા. ૧૧

સેક્ટર-૧૨ સ્થિત જુનિયર સિટિઝન્સ કાઉન્સિલ (જુસિકા) સંસ્થા બિનવારસી મૃતકની અંતિમવિધિ, રક્તશિબિરનું આયોજન, વિનામૂલ્યે અંતિમ સંસ્કારનો સામાન આપવો, શબવાહિનીની સેવા વગેરે જેવી સેવાઓ જરૂરિયાતમંદને પૂરી પાડે છે. સેક્ટર-૨૪માં રહેતા ૧૮ વર્ષના દિપકુમાર દવેનું અવસાન થતા તેમના કુટુંબીજન રાજેશભાઈએ જુસિકામાં મૃતકના ચક્ષુદાન કર્યા હતા.

# NMMSની પરીક્ષામાં રૂપાલ પ્રાથમિક કન્યા શાળાનો ઉત્કૃષ્ટ દેખાવ





ગાંધીનગર, તા. ૧૧

વર્તમાનમાં વિદ્યાર્થીનીઓમાં શિક્ષણનું પ્રમાણ વધી રહ્યું છે. તેનુ ઉત્તમ ઉદાહરણ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવતી શિષ્યવૃત્તિની પરીક્ષામાં પાસ થતા વિદ્યાર્થીઓ આપી રહ્યા છે. તેવું જ એક ઉદાહરણ ગાંધીનગરમાં રૂપાલ સ્થિત રૂપાલ પ્રાથમિક કન્યા શાળાની વિદ્યાર્થીનીઓએ આપ્યું છે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા NMMSની પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં રૂપાલ પ્રાથમિક કન્યા શાળાની બે વિદ્યાર્થીનીઓ ઠાકોર તન્વીબેન મહેશજી (૧૧૯ ગુણ) અને ચાવડા પ્રિયાંસીબેન રાજુજી (૧૧૨ ગુણ)એ પરીક્ષા પાસ કરી મેરીટમાં સ્થાન મેળવ્યુ છે. શાળાના આચાર્ય વાલમીયા અલકાબેન, એસએમસીના અધ્યક્ષ ઠાકોર કાનજી કાળાજી, માર્ગદર્શક શિક્ષક લેઉવા સુનિકુમાર તથા સમગ્ર શાળા પરિવારે તેમને અભિનંદન પાઠવ્યા છે.